# નગર આયોજન અને મુલ્યાંકન ખાતું
# ગુજરાત રાજય,ગાંધીનગર

નં.નરયો/સુડા/પરામર્શ/દ.ગુ./ ૧૨૮૯૩ તા.૦૪/૦૪/૦૫

પ્રતિ,

મુખ્ય કારોબારી અધિકારીશ્રી,

સુરત શહેરી વિકાસ સત્તામંડળ (સુડા)

સુરત.

વિષયઃ–સુચિત નગર રચના યોજનાઓના હદ વિસ્તાર માટે કાયદાની કલમ–૪૧(૧) હેઠળના પરાર્મશ બાબત.

સંદર્ભઃ–આપના તા.૧૯/૨/૦૫ ના પત્રો

ઉપરોકત વિષયાન્વયે આપના સંદર્ભ હેઠળના પત્રોથી સુડાના હદ /વિસ્તારની જુદી–જુદી સાત સૂચિત નગર રચના યોજનાઓના હદ/ વિસ્તાર માટે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ–૪૧(૧) ની જોગવાઈ અન્વયે અત્રેના પરામર્શ અર્થે દરખાસ્ત પાઠવેલ છે. તે અન્વયે નીચે મુજબની વિગતોએ ,

૧. નગર રચના યોજના નં.૨૮ (રૂંઢ–વેસુ) ના હદ/વિસ્તાર માટે રજુ કરેલ દરખાસ્ત ને યથાવત રાખી .

નગર રચના યોજના નં.૨૯ (રૂંઢ–વેસુ–મગદલ્લા) ના હદ/વિસ્તાર માટે રજુ કરેલ દરખાસ્તમાં આ સાથે નકશામાં ભૂરા રંગથી સૂચવેલ ફેરફાર મુજબ. (મોજે:મગદલ્લાના રે.સ.નં. બાકાત રાખી )

૩. નગર રચના યોજના નં.૩૧ (ગવીયર –મગદલ્લા ) ના હદ/વિસ્તાર માટે રજુ કરેલ દરખાસ્ત ને યથાવત રાખી.

૪. નગર રચના યોજના નં.૩૨ (ગવીયર–વાંટા–ડુમસ) ના હદ/વિસ્તાર માટે રજુ કરેલ દરખાસ્ત માં આ સાથે નકશામાં ભૂરા રંગથી સૂચવેલ ફેરફાર મુજબ.

૫. નગર રચના યોજના નં.૪૨ (ભીમરાડ) ના હદ/વિસ્તાર માટે રજુ કરેલ દરખાસ્તમાં આ સાથે નકશામાં ભૂરા રંગથી સૂચવેલ ફેરફાર મુજબ.

૬. નગર રચના યોજના નં.૪૩ (ભીમરાડ) ના હદ/વિસ્તાર માટે રજુ કરેલદરખાસ્તમાં આ સાથે નકશામાં ભૂરા રંગથી સૂચવેલ ફેરફાર મુજબ .

અત્રેનો પરામર્શ આપવામાં આવે છે. આ સાથે નકશામાં જરૂરી સહી સિક્કા કરી આપેલ છે.

વધુમાં જણાવવાનું કે, ઉપરોક્ત જે સૂચિત નગર રચના યોજનાઓના હદ/વિસ્તારમાં એક થી વધુ ગામ આવે છે, તેવી નગર રચના યોજનાઓ નો મુસદો ઘડતી વખતે જે ગામના મુળખંડની જમીન હોય તે ગામમાં જ અંતિમખંડ ફાળવવાનો રહેશે. તેમજ, અત્રેથી સુચિત નગર રચના યોજના નં. ૨૯,૩૨,૪૨ અને ૪૩ ની હદમાં

સુચવેલ ફેરફાર ને કારણે સદર નગર રચના યોજનાઓનું ક્ષેત્રફળ કેટલું થાય છે ? તેની અત્રે જાણ કર્યા બાદ જ, સદર નગર રચના યોજનાઓની બનાવવાનો ઈરાદો જાહેર કરવાનો રહેશે.

સાથોસાથ ધ્યાને મુકવાનું કે, સુચિત નગર રચના યોજના નં.૩૦ (મગદલ્લા–ગવીયર) નો હદ/વિસ્તાર, સુડાની મંજૂર/અમલી પુનરાવર્તિત વિકાસ યોજનાની જોગવાઈ મુજબ મહદઅંશે ખેતી વિષયક વિસ્તારમાં સ્થિત થતો હોઈ, પ્રસ્તુત સુચિત નગર રચના યોજના નં.૩૦ (મગદલ્લા–ગવીયર) ના હદ/વિસ્તાર, માટે ગુજરાત નગર રચના યોજના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ ની જોગવાઈઓ ધ્યાને લેતા, અત્રેનો કલમ–૪૧(૧) હેઠળનો પરામર્શ આપવામાં આવતો નથી.

બિડાણઃ—ઉપર મુજબ

મુખ્ય નગર નિયોજક
ગુજરાત રાજય,ગાંધીનગર

<u>નકલ રવાનાઃ—</u>
પ્રવર નગર નિયોજકશ્રી, દક્ષિણ ગુજરાત પ્રાદેશીક કચેરી, વડોદરા તરફે બિડાણ સહિત જાણ સારૂ.